# જાહેરાત અંગેના નિયમો

1. ઉમેદવાર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૧૩/૮/૨૦૦૮ તેમજ ૧૮/૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ.થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પુટર અંગેનું બેઝીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦/૧૨ કોમ્પ્યુટર એક વિષય તરીકે હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પુટર બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરી શકશે.
2. નાણાં વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ખરચ /૨૦૦૨/૫૭/પાર્ટ ૨/ઝ.૧/ની જોગવાઈઓ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે. તથા વધારાના કોઈ જ પ્રકારના ભથ્થા મળવા પાત્ર થશે નહીં.
3. આ જગ્યા પર નિમણૂક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.
4. આ જગ્યા પર નિમણૂક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૪/૯૪ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું બંધન કર્તા રહેશે. જે અંગેનું ઉમેદવારનું સંમતિપત્ર નિમણૂક મેળવતા પહેલા આપવાનું રહેશે.
5. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાન લેવામાં આવશે નહી. તેમજ મંજૂર પગારધોરણ વાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.
6. આ જગ્યા હેઠળ નિમણૂક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તારીખ ૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોની જોગવાઈઓને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

Shot on OnePlus
Powered by Dual Camera 2024.03.14 10:17

7. જો ગ્રામ વિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામ વિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.
8. આ જગ્યા હેઠળ નિમણૂક પામનારને સમાન સંવર્ગના અધિકારી/ કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.
9. આ જગ્યા હેઠળ નિમણૂક પામનારને પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજા,જાહેર રજા અને ગ્રામ વિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી. તે સિવાય અન્ય કોઈ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવા પાત્ર થશે.
10. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહી.
11. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સામાન્ય વહીવટી વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/કની જોગવાઈઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.
12. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તો તે બંધન કર્તા રહેશે.

## 13. પરીક્ષા પદ્ધતિ :

નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઇટ પર મુકવામાં આવશે તેઓએ (૧) પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પદ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે. ત્યાર બાદ બીજા તબક્કામાં લેખિત પરીક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્ય ક્ષમતા) ૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે. એમ બંને કસોટીમાંથી મેળવેલ ગુણના મેરીટસ સંયુક્ત ગુણના આધારે મેરીટ યાદી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

Shot on OnePlus
Powered by Dual Camera 2024.03.14 10:18